સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

મંગળવાર, તા.૩૦ જાન્યુઆરી ૨૦૨૪ | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫, E-mail : pratap_darpan@yahoo.co.in

## સવારે ૧૦.૫૯ કલાકે સાયરન વાગતા બે મિનિટનું મૌન પળાયું

### મૌન પાળી શહીદ દિને શહીદો પ્રત્યેનું ઋણ અદા કરતા સુરતના લોકો

સુરત, તા ૩૦

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પોતાના પ્રાણનું બલિદાન આપ્યું છે, તેવા વીર શહીદોની સ્મૃતિમાં આજના રોજ શહીદ દિને સવારે ૧૧.૦૦ કલાકે બે મિનિટ મૌન પાળી સ્વદેશ માટે પ્રાણની આહુતિ આપનારા શહીદવીરોને માન અર્પણ કરાયું હતું.

આજે મંગળવાર તા. ૩૦મી જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ જે સ્થળે સાયરનની વ્યવસ્થા હતી ત્યાં સવારે ૧૦.૫૯ થી ૧૧.૦૦ કલાક સુધી સાયરન વગાડી બે મિનિટ માટે મૌન પાળવામાં આવ્યું હતું.

સાયરન બંધ થાય કે તુરંત જ જ્યાં કાર્ય કરતા હોય તેવા બધા જ સ્થળોએ કામ કરનાર સૌ પોતપોતાની જગ્યાએ શાંત ઉભા રહી મૌન પાળ્યું હતું. બે મિનિટ બાદ મૌનનો સમય પૂરો થયો છે, એમ બતાવવા બરાબર ૧૧.૦૨ થી ૧૧.૦૩ કલાક સુધી સાયરન ફરીથી વાગી હતી. ત્યારે રાબેતા મુજબનું કામકાજ ફરીથી શરૂ કરાયું હતું.



સુરતમાં આજથી સ્પર્શ લેપ્રસી અવેરનેસ પખવાડીયાનો આરંભ કરવામાં આવ્યો છે. રક્તપિતના દર્દીઓ પ્રત્યે સહાનુભૂતિ કેળવવા તથા રક્તપીતની બીમારી અંગે જનજાગૃતિ અર્થે નવી સિવિલ કેમ્પસમાં વિશાળ રેલી યોજવામાં આવી હતી. (તસ્વીર : હનીફ મલેક)

**સ્કૂલના આચાર્ય સાથે ગેરવર્તન**

## નગર પ્રા. શાળાની શિક્ષિકા દિપાલીબેન વાનખેડે સસ્પેન્ડ

### ઈન્ચાર્જ શાસનાધિકારીએ તાકીદે કરેલો હુકમ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા ૩૦

સુરત મહાનગર પાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની એક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતી શિક્ષિકાને તેની ગેરવર્તણૂક બદલ ઈ. શાસનાધિકારીએ સસ્પેન્ડ કરતો હુકમ કરતા સન્નાટો છવાઈ ગયો હતો.

સૂત્રોના જણાવ્યા અનુસાર, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળા નં. ૩૧૫માં દિપાલીબેન વાનખેડે શિક્ષિકા તરીકે ફરજ બજાવે છે. આજથી બે-ત્રણ દિવસો પહેલા દિપાલીબેન વાનખેડેની બદલી કરવામાં આવતા તેણે શાળામાં ભારે તોફાન મચાવ્યું હતું. આ વીડિયો વાયરલ થતાં શિક્ષણ સમિતિના લીરે-લીરા ઉડ્યા હતા. સ્કૂલના આચાર્ય દ્વારા મારી ખોટી ફરિયાદ કરવામાં આવી છે અને મારી પાસે વધુ કામ કરાવીને યેન કેન પ્રકારે હેરાન-પરેશાન કરવામાં આવે છે. તેવા આક્ષેપો શિક્ષિકા દિપાલીબેન વાનખેડેએ કર્યા હતા. ત્યારબાદ આ

અનુસંધાન પાના ૭ પર

## અડાજણ ખાતે પરિવારની સંમતીથી પ્રેમલગ્ન કરનાર પરિણીતાનો આપઘાત

### પરિણીતાને ત્રાસ અપાતો હોવાનો માતા-પિતાનો આરોપ

સુરત, તા ૩૦

સુરતમાં અડાજણ વિસ્તારમાં પ્રેમલગ્ન બાદ પતિ સાથે રહેતી ૨૨ વર્ષની પરિણીતાએ ગળેફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. હાલ તેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો છે. જોકે પરિણીતાના માતા-પિતા દ્વારા સાસરિયાઓ દ્વારા ત્રાસ આપવામાં આવતો હોવાનો આક્ષેપ કરવામાં



આવ્યો છે. દીકરીની માતાએ હોસ્પિટલમાં હૈયાફાટ રૂદન કર્યું હતું.

અડાજણ વિસ્તારમાં ૨૨ વર્ષીય નેહા હરેશ રોહિત પરિવાર સાથે રહેતી હતી. ૪ વર્ષ પહેલાં નેહા અને હરેશના પરિવારની સંમતિથી પ્રેમલગ્ન થયા હતા. પતિ કાપડના ઓનલાઈનના વ્યવસાય સાથે સંકળાયેલો છે. તેમનાથી પરિવારનું ગુજરાન ચાલે છે. તેમના લગ્નજીવનમાં એક દીકરી પણ છે. ગતરોજ સાંજે નેહાએ ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. આ અંગે પતિ દ્વારા તેની માતાને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ નેહાના મૃતદેહને સિવિલ હોસ્પિટલ

અનુસંધાન પાના ૭ પર

## સુરતમાં ફરી તાપમાનમાં વધારો લઘુતમ તાપમાન ૧૭.૫ ડીગ્રી

### સુરતમાં ઉત્તર-પૂર્વ દિશા તરફથી ૪ કિમીની ઝડપે ફુંકાતો પવન

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા ૩૦

સુરતમાં આજે સવારે તાપમાનમાં એક ડીગ્રી જેટલો વધારો થતા ઠંડીના પ્રમાણમાં ઘટાડો થયો છે. આ સાથે જ સમગ્ર દક્ષિણ ગુજરાતમાં તાપમાનમાં વધારો થયો હોવાનું જાણવા મળે છે.

હવામાન વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ સુરતમાં આજે વહેલી સવારે સુરતનું તાપમાન વધીને ૧૭.૫ ડીગ્રી નોંધાયું છે. જે ગઈકાલે લઘુતમ તાપમાન ૧૬.૭ ડીગ્રી નોંધાયું હતું. જ્યારે છેલ્લા ૨૪ કલાક દરમિયાન મહતમ તાપમાન ૩૦.૪ જળવાયેલુ છે. આજે સુરતના વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૭ ટકા નોંધાયું છે અને ઉત્તર પૂર્વ દિશા તરફથી ૪ કિમીની ઝડપે પવન ફુંકાય રહ્યો છે.

સુરતમાં ૪ કિમીની ઝડપે ઉત્તર પૂર્વ દિશા તરફથી પવન ફુંકાતો હોવા છતાં સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતના તાપમાનમાં વધારો થઈ

અનુસંધાન પાના ૭ પર

## નકલી હિલિયમ સોફ્ટવેરનું વેચાણ કરનાર બે ઈજનેરો જેલના હવાલે

### પાંચ દિવસના રિમાન્ડ પૂર્ણ થતા બંને આરોપી રવિન્દ્ર કાતરીયા અને હસમુખ લુહારને જેલ કસ્ટડી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા ૩૦

ગુજરાત ડાયમંડ બુર્સમાં ડાયમંડ મશીનરી બનાવતી કંપનીમાં અગાઉ ફરજ બજાવતા બે ઈજનેરોએ હિલીયમ ડુપ્લિકેટ સોફ્ટવેર બનાવીને માર્કેટમાં સસ્તા ભાવે વેચાણ શરૂ કર્યું હતું. સોફ્ટવેર પાઈરસીના કારણે મશીનરી બનાવતી કંપનીને આશરે રૂ. ૧૫ કરોડનું નુકસાન વેઠવું પડયું હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

પોલીસે આ ગુનામાં બંને આરોપીની ધરપકડ કરી પાંચ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. ગઈકાલે રિમાન્ડ પૂર્ણ થતા પોલીસે બંને આરોપીઓને જેલમાં મોકલી દીધા છે.

ઈચ્છાપોર સ્થિત ગુજરાત ડાયમંડ બુર્સમાં આવેલી લેક્ષસ સોફસમેક કંપનીમાં નિમેશ પ્રવીણચંદ્ર આફ્રિકાવાળા ચીફ એડમિન ઓફિસર તરીકે નોકરી કરે છે. આ કંપની રશિયાની ઓક્ટોનસ સોફ્ટવેર કંપની સાથે એગ્રીમેન્ટ કર્યા છે, ઓક્ટોનસ સોફ્ટવેર કંપની ડાયમંડ ડિઝાઈનનું પ્લાનિંગ કરવાના જુદા જુદા મોંઘા સોફ્ટવેર બનાવે છે. જે પૈકીનું એક હિલિયમ નામનું સોફ્ટવેર ડાયમંડ માર્કેટમાં રૂ. ૧૨.૫૦ લાખ પેટે વેચાણ થઈ રહ્યું છે. તેમજ મશીનરી સાથે સોફ્ટવેરની કિંમત રૂ. ૧૮.૫૦

અનુસંધાન પાના ૭ પર




મહાત્મા ગાંધી નિર્વાણ દિન નિમિત્તે સુરત મહાનગર પાલિકા દ્વારા ગાંધીવંદના કાર્યક્રમ આજે સવારે યોજવામાં આવ્યો હતો. મેયર દક્ષેશભાઈ માવાણી દ્વારા ચોકબજાર સ્થિત મહાત્મા ગાંધી પ્રતિમાને શ્રદ્ધા સુમન અર્પણ કરવામાં આવ્યા હતા. (તસ્વીર : હનીફ મલેક)

## ચેક રિટર્ન કેસમાં વેપારીને એક વર્ષની સજા ફટકારતી અદાલત

### વળતર તથા મુદ્દલ રકમ ૬૦ દિવસમાં ચૂકવી દેવા કોર્ટનો હુકમ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા ૩૦

સબ્લીમેશન પેપર ખરીદીનું પેમેન્ટ માટે આપેલો ચેક રીટર્ન થવાના કેસમાં કોર્ટે વેપારીને કસૂરવાર ઠેરવીને ૧ વર્ષની સજા અને ચેકની રકમ ચૂકવવા હુકમ કર્યો હતો.

કેસની વિગત એવી છે કે ફરિયાદી ઈશાંત પ્રવિણભાઈ જીંદલ ઈચ્છાપોરમાં કાપડમાં વપરાશ કરવામાં આવતા સબ્લીમેશન પેપર વેચાણ કરવાનો વ્યવસાય કરે છે. આરોપી મોહન પ્રિતમદાસ ચાવલા(રહે. પ્રથમ એપાર્ટમેન્ટ, સિટી લાઈટ રોડ) છે. આરોપીએ ફરિયાદી પાસેથી ઉધારમાં સબ્લીમેશન પેપર ખરીદ્યું હતું. તેના પેમેન્ટની ચૂકવણી માટે આરોપીએ ફરિયાદીને ૨.૫૯ લાખ રૂપિયાના ૪ ચેક આપ્યા હતા. ફરિયાદીએ બેંકમાં જમા કરાવતા તે ચેક અપૂરતા ભંડોળના કારણે રિટર્ન થયા હતા. ફરિયાદીએ ઈશાંતે એડવોકેટ નિમેષ પી.દલાલ મારફતે આરોપી મોહન ચાવલા વિરુદ્ધ કોર્ટમાં ચેક રિટર્નની ફરિયાદ કરી હતી. કેસ ચાલી જતાં કોર્ટે ફરિયાદ ઈશાંત પટેલના એડવોકેટ નિમેષ પી.દલાલની દલીલ ગ્રાહ્ય રાખીને આરોપી મોહન ચાવલાને કસૂરવાર ઠેરવીને એક વર્ષની કેદની સજા અને ચેકની રમક ૬૦ દિવસમાં વળતર તરીકે ફરિયાદીને ચૂકવી આપવા આરોપીને હુકમ કર્યો હતો. જો રકમ આપવામાં નિષ્ફળ જાય તો આરોપીને વધુ ૨ માસની સજાનો હુકમ કરવામાં આવ્યો હતો.

## સુરત શહેરમાં વધુ એક યુવકનું હાર્ટ એટેકથી એકાએક મોત

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા ૩૦

સુરત શહેરમાં વધુ એક યુવકનુ હાર્ટ એટેકમાં મોત થયુ હોવાનુ સામે આવ્યું છે.ઉત્રાણ ખાતે ૩૦ વર્ષીય યુવક સુઈ ગયા બાદ ઉઠ્યો જ ન હતો. પરિવાર સારવાર માટે હોસ્પિટલમાં લઈ જતા મૃત જાહેર કર્યા હતા.

મુળ માંડવીના કડોદ ગામની વતની અને હાલ ઉત્રાણ રામનગર સોસાયટીમાં રહેતા કિરણ પ્રદિપ પટેલ(ઉ.વ.૩૦) મજુરી કામ કરી પરિવારને મદદરૂપ થતો હતો. ગઈ કાલે સાંજે કિરણ ઘરે સુતેલો હતો. ત્યારબાદ તેને જગાડતા તે ઉઠ્યો ન

અનુસંધાન પાના ૭ પર

**ગેરકાયદેસર અને અનધિકૃત રીતે સોફ્ટવેરનું વેચાણ કરતા વિક્રેતાઓ અને મળતિયાઓથી સાવધાન**

**જાહેર અને વ્યવસાયિક હિતમાં જારી**

આ લેખનો હેતુ, અમારા વ્યવસાયિક મિત્રો જેઓ હીરા ઉત્પાદન ક્ષેત્ર સાથે જોડાયેલા છે તેઓને ગેરકાયદેસર અને અનધિકૃત સોફ્ટવેર વેચનારાઓ તેમજ તેના મળતિયાઓથી જાગૃત કરવાનો એક નમ્ર પ્રયત્ન છે.

હાલમાં અમોની કંપનીના ધ્યાનમાં આવેલ છે કે, અમારી કંપનીના ભૂતપૂર્વ કર્મચારીઓ કે જેઓ સર્વિસ અને મેન્ટેનન્સ એંજીનિયર તરીકે કામ કરતા હતા તેઓએ અમારી કંપનીના કાયદેસરના સોફ્ટવેરને ક્રેક કરી ,તેનું અનધિકૃત અને ગેરકાયદેસર વેચાણ કરી રહ્યા છે.

અયોગ્ય અને ગેરકાયદેસર રીતે નાણાકીય લાભો મેળવવા અમારી કંપનીના ભૂતપૂર્વ કર્મચારીઓ અને તેના મળતિયાઓ દ્વારા અમારી કંપનીના અધિકૃત( લાયસન્સ) સોફ્ટવેરની ચોરી કરી તેને અનધિકૃતરીતે વેચવા માટે સોફ્ટવેર લોક (ૐછજૌં) સાથે ચેડાં કરી અમારી કંપનીના સોફ્ટવેર ને અધિકૃત સોફ્ટવેર તરીકે તેમજ અધિકૃત વિક્રેતા તરીકે વેચાણ કરતા આવેલ છે. અમોને એવું પણ જાણવા મળેલ છે કે, આવા અનધિકૃત અને ગેરકાયદેસર સોફ્ટવેરનુંવેચાણ ખોટા કે ઉપજાવી કાઢેલા બિલો તેમજ બોગસ પેઢીઓના નામે કરાય છે. જેથી સરકારને મળવાપાત્ર ટેક્સની રકમ તેમજ આવા સોફ્ટવેરના વેચાણથી મેળવેલ રકમ દ્વારા તેનો ગેરકાયદેસર પ્રવૃતિઓમાં ઉપયોગ થઈ શકે તેમજ દેશનાં અર્થતંત્રને મોટું નુકશાન પોંહચાડી રહ્યા હોય તેવી અમોને શંકા છે.

તાજેતરમાં આ રીતે ચાલતા સોફ્ટ્વેરના ગેરકાયદેસર અને અનધિકૃત વિક્રેતાઓ સામે મોટી કાનૂની કાર્યવાહી ચાલી રહી છે. તેમજ ગુનેગારોની ધરપકડ કરી તેમના નેટવર્કની અને મળતિયાઓ અંગે જરૂરી તપાસ ચાલી રહી હોય જેથી આવા ગેરકાયદેસર અને અનધિકૃત સોફ્ટવેરના ખરીદ તેમજ વેચાણ સાથે જોડાયેલા લોકો માટે સંભવિત કાનૂની કાર્યવાહી અંગે તેના પરિણામોની ગંભીરતા દર્શાવે છે.

વ્યાવસાયિક મિત્રો, અહીં એ વાત સમજવાની જરૂર છે કે, આવા ગેરકાયદેસર અને અનધિકૃત સોફ્ટવેર ખરીદવા કરતાં અમો દ્વારા જે અધિકૃત સોફ્ટવેરનું (લાયસન્સ સહિતનું) વેચાણ કરવામાં આવે છે જે અધિકૃત લાયસન્સ સોફ્ટવેર સાથે આવતું હોવાથી તેની માલિકી અંગેના કાનૂની અધિકારો સોફ્ટવેરમાં આવતા નવીનીકરણ તેમજ તે અંગેની જરૂરી સર્વિસ અમોની કંપની તરફથી મળી રહે છે.

અમોની સામાન્ય જનતા અને વ્યવસાયિકોને આવા ગેરકાયદેસર અને અનધિકૃત સોફ્ટવેરને લગતા વ્યવહારોથી દૂર રહેવા તેમજ સજાગ રહવાની નમ્ર અપીલ કરીએ છીએ. ચોરીના માલની ખરીદીના લઘુકાલીન લાભો કેવા પણ હોય આવી ખરીદી ગેરકાનૂની પ્રવૃતિઓને સીધું સમર્થન કરે છે જેથી ખરીદનારાઓ સામે પણ કાનૂની કાર્યવાહી સહિતના મોટા જોખમ ભવિષ્યમાં ઊભા કરે છે.

અમોની કંપની ઉચ્ચતમ નૈતિક મૂલ્યો તેમજ ગ્રાહકોના કલ્યાણ પ્રત્યે પ્રતિબદ્ધ છે. જેથી અમો અમારા અધિકૃત એટલે કે લાયસન્સ સોફ્ટવેરને અને તેની લગતી સેવાઓને અત્યંત વ્યાજબી કિંમતે ઓફર કરીએ છીએ. જેથી અમોના વ્યાવસાયિક મિત્રોને સોફ્ટવેરને લગતા કાનૂની અધિકારો તેમજ એક અધિકૃત સોફ્ટવેર મળે છે. અમારી પ્રતિબદ્ધતા માત્ર કાયદાનું પાલન કરવાની દ્રઢતાપૂર્તિ જ મર્યાદિત નથી પરંતુ અમોનો હેતુ નાના તેમજ મધ્યમ ઉદ્યોગની આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખી તે મુજબની એક ઉચ્ચતમ ગુણવત્તાવાળી સોફ્ટવેર અને સર્વિસિસ આપવાનો રહેલો છે.

ભારત એક વિકાસશીલ દેશ છે અને ભારતને આર્થિક વ્યવસ્થાને વધુ મજબૂત કરવા આપણે ભાગે આવતા જરૂરી એવા ટેક્સને સત્યનિષ્ઠાથી અનેજવાબદારીથી ચૂકવ્યે તેમજ આવા ગેરકાયદેસર અને અનધિકૃત રીતે મળતા સોફ્ટવેરને લગતી તકોને નકારી કાયદેસર પ્રવૃતિઓને સમર્થન કરી, સ્વસ્થ આર્થિક વાતાવરણના નિર્માણમાં પોતાનું યોગદાન આપીએ અને આપણે સૌ સાથે મળીને આવા ગેરકાયદેસર અને અનધિકૃત રીતે સોફ્ટવેરનું વેચાણ કરનારાઓ અને તેના મળતિયાઓ સામે સુસંગઠિત થઈ, તેને નકારી આપણાઉદ્યોગને અને ભવિષ્યને સુરક્ષિત કરીએ.

**વધુ માહિતી આપને નીચે જણાવેલ નંબર પરથી મળી શકશે.**

**OCTONUS SOFTWARE | LEXUS SOFTMAC**

**ફોનઃ ૯૮૭૯૫૮૯૬૮૪**

## સુરત સ્ટેશને ૪ નંબરનું પ્લેટફોર્મ ૪ ફેબ્રુ. થી બંધ

### સુરત રેલવે સ્ટેશન પર વિવિધ સુવિધા માટે કામગીરી શરૂ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા ૩૦

સુરત રેલવે સ્ટેશનને વર્લ્ડ ક્લાસ બનાવવાની કામગીરી તેજ ગતોએ ચાલી રહી છે.

પૂર જોશમાં ચાલી રહી રહેલી વિકાસની કામગીરીના કારણે મુસાફરોને કેટલીક સમસ્યાઓનો પણ સામનો કરવો પડશે.સુરતમાં હવે સ્ટેશનના એલિવેટેડ કોક્રોર્સને બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કામગીરીને દરમિયાન પ્લેટફોર્મ નંબર ૪ તા. ૪ ફેબ્રુઆરીથી બંધ રહેશે તેમ રેલવેના સૂત્રોએ જણાવ્યું છે. સુરત રેલ્વે સ્ટેશનના વિકાસનો હેતુ સ્થાનિક અર્થતંત્રને વધુ મજબૂત કરવાનો અને શહેરની પ્રવાસન ક્ષમતાને વેગ આપવાનો છે. મુસાફરોને વિશ્વકક્ષાની સુવિધાઓ પૂરી પાડવા માટે સ્ટેશનને વૈશ્વિક ધોરણો અનુસાર વિકસાવવામાં આવશે. સુરત ગુજરાતનું બીજું સૌથી મોટું શહેર છે.

## ગૃહ શાંતિમાં આવેલા બે મહેમાનોની કારમાંથી ૨.૩૮ લાખની મતાની ચોરી

### પીપલોદ જીમખાના રોડ પર પાર્ક કરેલી મોટરકારોમાંથી ચોરી થઈ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા ૩૦

પીપલોદ રેડીયન્ટ સ્કુલની બાજુમાં આવેલ રાજહંસ કોર્નેલોમાં મિત્રએ લીધેલા નવા ફ્લેટના ગૃહ શાંતિના પ્રસંગમાં હાજરી આપવા આવેલા બે મિત્રોની કારની ડીક્કીમાંથી રૂ.૨.૩૮ લાખના સોના ભરેલા પર્સની ચોરી થઈ હતી. વીઆઈપી વેલે પાર્કિંગના કોઈ કર્મચારી દ્વારા આ ચોરી કરવામાં આવી હોવાનુ સામે આવતા પોલીસે શકદાર સામે ચોરીની ફરિયાદ નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

મૂળ રાજસ્થાનના જયપુરના વતની અને હાલ ઉમરા ઉન્નતી સ્કુલની સામે રાજહંસ મેક્સીમા એપા.માં રહેતા મનીષ રાજમલ પટવાએ પીપલોદ રેડીયન્ટ સ્કુલની બાજુમાં આવેલ રાજહંસ કોર્નેલોમાં નવુ ફ્લેટ ખરીધ્યું હતું.જેથી મનીષ પટવાએ ૨૫ જાન્યુઆરીએ નવા ફ્લેટમાં ગૃહ શાંતિનો પ્રસંગ રાખ્યો હતો. મનીષ પટવાએ પોતાના મિત્રોને આ પ્રસંગમાં આમંત્રિત કર્યા હતા. જેથી કાર્તિક મુર્તિ તેમની પત્ની શ્વેતા સાથે આવ્યા હતા. તેઓએ કાર રાજહંસ કોર્નેલો પાસે રોડ ઉપર પાર્ક કરી હતી. જયારે અન્ય ફ્રેન્ડ સ્નેહાસિંહે પણ ઓડી કાર ત્યાં જ પાર્ક કરી હતી. અજાણ્યા શખ્સે આ

અનુસંધાન પાના ૭ પર

## પીપલોદની દુકાનના એસીમાં આગ લાગી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા ૩૦

ડુમસ-પીપલોદ વિસ્તારમાં આવેલી એક દુકાનમાં એસીમાં શોર્ટ સર્કિટ થતા આગ લાગી હોવાનો બનાવ ફાયર બ્રિગેડના ચોપડે નોંધાયો હતો.

ફાયર બ્રિગેડ સૂત્રોના જણાવ્યા અનુસાર ડુમસ પીપલોદ વિસ્તાર સંસ્કૃતિ એપાર્ટમેન્ટના નીચે રાજેન્દ્રપુરી ગૌસ્વામીની ફૂડની દુકાન આવેલી છે. આ દુકાનમાં આજે સવારે એસીમાં શોર્ટ સર્કિટ થતા આગ લાગી હતી. આ બનાવની જાણ ફાયર બ્રિગેડને કરવામાં આવતા મજૂરા ફાયર સ્ટેશનના અધિકારી ઘટના સ્થળે ધસી જઈ આગ બુઝાવી નાંખી હતી. આગને કારણે એસી

અનુસંધાન પાના ૭ પર



યુગપુરુષ મહાત્મા ગાંધી નિર્વાણ દિન નિમિત્તે આજે સુરતમાં ઠેર-ઠેર વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. દરમિયાન શાળાઓમાં પણ મહાત્મા ગાંધીના સાકાર કરાયેલા ચિત્રને વિદ્યાર્થીઓ દ્વારા શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી. (તસ્વીર : હનીફ મલેક)

## ચલથાણમાં અજાણ્યા વાહને ઉડાવી દેતા રાહદારીનું મોત

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા ૩૦

ચલથાણ મા ઓવર બ્રિજ ની બાજુમાં કાચા રસ્તા ઉપર ગઈકાલે અજાણ્યા વાહનની અડફેટે ચઢી જતાં યુવાન નું મોત નિપજ્યું હતું આ અંગે મળતી વિગતો મુજબ વક્તાણા ગામ નાઈકી ફળિયા માં રહેતા અર્જુન નટુભાઈ રાઠોડ ઉંમર વર્ષ ૩૦ નામના યુવાન ગતરોજ મોજે ચલથાણ ગામ મરઘા ફાર્મ જવાના ઓવર બ્રિજ ની બાજુમાં આવેલ મહાદેવ સો મિલની બાજુમાંથી જલારામ નગર તરફ જવાના કાચા રસ્તા ઉપર થી પસાર થતો હતો ત્યારે બાર વાગ્યાના સમયગાળામાં અજાણ્યા વાહને

અનુસંધાન પાના ૭ પર

## ભુવા બંધુઓની જામીન અરજી અંગે કોર્ટમાં વધુ સુનાવણી

### જામીન અરજીના વિરોધમાં ઠગાઈનો ભોગ બનેલા લોકોની એફીડેવીટ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા ૩૦

સુરત મહાનગર પાલિકાના પૂર્વ ડેપ્યુટી મેયર છાયાબેન ભુવાના બે પુત્રો સહિત ત્રણ આરોપીઓએ અનેક યુવાનો સાથે કરેલી છેતરપિંડીના ગુનામાં ઉધના પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી લાજપોર જેલમાં મોકલી આપ્યા હતા. હાલમાં આરોપીઓ દ્વારા રજૂ કરવામાં આવેલી જામીન અરજીની સુનાવણી શરૂ થઈ છે ત્યારે પોલીસે એફિડેવિટ કરી હતી . સોમવારના રોજ સુનાવણી દરમિયાન ભોગ બનનારા વધુ ૪ થી ૫ વ્યક્તિઓએ ત્રણેય આરોપીઓ વિરુદ્ધ એફિડેવિટ કરીને તેઓને જામીન ન મળે તેવી એક દાદ માંગી હતી . વધુ સુનવણી ત્રીજી ફેબ્રુઆરીના રોજ હાથ ધરવામાં આવશે એવું સરકારી વકીલ અરવિંદ વસોયા એ જણાવ્યું હતુ.

અનુસંધાન પાના ૭ પર

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka